ગાંધીનગર સમાચાર

# અરવલ્લી જિલ્લામાં ટ્રકચાલકોને લૂંટતી કંજર ગેંગ ઝબ્બે

## ઘાતક હથિયારો સાથે લૂંટ કરવા ટ્રક લઈને નીકળેલી ગેંગ ગાજણ ટોલનાકા પાસે પકડાઈ : ૧.૦૯ લાખની રોકડ અને હથિયારો સહિત ૧૩.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક મહિનામાં હાઈવે પરથી પસાર થતી ટ્રકોનાં ટાયર પંકચર કરી લૂંટ ચલાવી હાહાકાર મચાવનારી રાજસ્થાનની કંજર ગેંગના ૭ લુટારુઓને એલસીબી અને એસઓજી પોલીસે ઝડપી લીધા છે. આ ટોળકીએ પંથકમાં લૂંટની ચાર ઘટનાઓ કબૂલી છે. પોલીસે આ ગેંગ પાસેથી રૂ.૧.૦૯ લાખની રોકડ અને હથિયારો મળી રૂ.૧૩.૧૪ લાખનો મુદ્દામાલ કબજે લીધો છે. આ ગેંગ ટ્રક લઈને લૂંટના ઈરાદે નીકળી હતી ત્યારે ગુરુવારે રાત્રે ગાજણ ટોલનાકા પાસેથી ઝડપાઈ ગઈ હતી.



ટ્રકોના ટાયર પંકચર કરી લૂંટ મચાવતી ગેંગે સુરપુર, મોટીઈસરોલ, ગાજણ અને ગઢડાની સીમમાં અંજામ આપ્યો હતો. આથી હાઈવે રોબરી અટકાવવા જિલ્લા પોલીસવડા કે. એન. ડામોરે નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા સૂચના આપતાં એલસીબી અને એસઓજી પીઆઈ પી.એસ.પરમાર સહિતની ટીમ દ્વારા ગુરુવારે રાત્રે ગાજણ ટોલનાકા પાસે નાકાબંધી કરાઈ હતી. ત્યારે રાજસ્થાન પાસીંગની આઈશર અને ટ્રકને અટકાવી ચેકીંગ હાથ ધરતાં તેમાંથી કુહાડી, લાકડી અને તારના ગૂંચળા મળી આવ્યા હતા, આથી પોલીસે અંદર બેઠેલા ૭ શખ્સોની પૂછપરછ કરતાં તેઓ લૂંટના ઈરાદે નીકળ્યા હોવાનું બહાર આવ્યું હતું.

આથી પોલીસે સંજય કંજર, લોકેશ કંજર, કાલુ પઢીયાર, રાજેશ કંજર, ખન્ના ઉર્ફે દિનેશ કંજર, રવિ કંજર અને રાહુલ કંજરની ધરપકડ કરી હતી. પોલીસે ટોળકી પાસેથી ૫ લાખની આયશર ટ્રક (આરજે ૦૫ જીએ ૪૩૭૦), ૭ લાખની ટ્રક (આરજે ૨૭ જીબી ૧૧૫૭), કુહાડી, લાકડી તથા તારના ગુંચળા કિમત રૂ. ૧૦૫, અંગ ઝડતી દરમિયાન મળેલી રોકડ રૂ.૧,૦૯,૪૦૦ અને ૫ મોબાઈલ કિમત રૂ. ૫૦૦૦ મળી કુલ રૂ.૧૩,૧૪,૫૦૫નો મુદ્દામાલ કબજે લીધો હતો. આ ગેંગે અરવલ્લી જિલ્લાની ચાર લૂંટ કબૂલી હતી.





## બસમાં બેસવુ હોય તો ધક્કા તો મારવા પડે...

ગુજરાત સરકાર બસ ઉપર મોટા અક્ષરે લખાણ લખે છે કે ‘‘સલામત સવારી એસટી અમારી’’ તો બીજી તરફ જાણે ગુજરાતમાં સરેઆમ આ લખાણના ધજીયા ઉડી રહ્યા હોય એવુ લાગે છે. ક્યાંક કમજોર બસના કારણે નિર્દોષ લોકો જીવ પણ હોમી રહ્યા છે. તો લોકો ગુજરાત સરકારને અપીલ કરે છે કે ખરાબ બસનો નિકાલ કરી અમને સારી બસ આપો હવે જો વાત કરવામાં આવે ધાનેરાની તો ગઈકાલે ધાનેરા રેલવે સ્ટેશન પાસે એક બસ બંધ થઈ જતા પેસેન્જર હેરાન થઈ ગયા હતા અને બસને ધક્કા મારવા લાગ્યા હતા. પરંતુ આ ગુજરાત સરકારની બસ ચાલુ ન થતા આખરે પેસેન્જરોને ચાલતી પકડવી પડી હતી અને મોડી રાત સુધી બસનો ચાલક અને કંડકટર બસ જોઈને બેસી રહ્યા હતા.

## નેત્રહીનના જીવનમાં અજવાળુ પાથરવા પાલનપુરના પત્રકારે કર્યો નેત્રદાનનો સંકલ્પ

પાલનપુર, તા. ૧૨

હિન્દુ સંસ્કૃતિમાં દાનનો વિશેષ મહિમા રહેલો હોઈ લોકો પુણ્યની પ્રાપ્ત સાથે જરૂરિયાતમંદોને મદદરૂપ થવા માટે પોતાની યથાશક્તિ પ્રમાણે અન્નદાન, કપડા દાન અને હવે તો લોકો દેહદાન કરતા થયા છે. ત્યારે અંધજનોના જીવનમાં અજવાળુ પાથરવા માટે આજે પાલનપુરમાં એક પત્રકારે પોતાના મૃત્યુ બાદ નેત્રદાન કરવાનો સંકલ્પ કર્યો છે.



પાલનપુરના ઉગતા પત્રકાર ધર્મેન્દ્ર પઢીયારે આજે તેમના જન્મદિને નેત્રદાનની જાહેરાત કરી સમાજને સરાહનીય ઉદાહરણ પુરૂ પાડ્યું છે. લોકશાહીની ચોથી જાગીર એવા મીડીયા તંત્ર સાથે સંકળાયેલ પાલનપુર પત્રકાર ધર્મેન્દ્ર બાબુલાલ પઢીયાર છેલ્લા કેટલાય વર્ષોથી કલમના સથવારે લોક સેવાનું કાર્ય કરી રહ્યા છે. આજે આ પત્રકારનો જન્મદિન હોઈ પોતાના જન્મદિને આ દુનિયાને પોતાના મૃત્યુ બાદ આંખોની ભેટ આપી અંધજનના જીવનમાંથી અંધકારને દૂર કરી તેના જીવનમાં ઉજાશનો પ્રકાશ પથરાય તે માટે તેમને તેમના પરીવારની સંમતી મેળવી મૃત્યુ બાદ પોતાની બંને આંખોનું દાન કરવાનો સંકલ્પ કર્યો હતો.

# શૌચાલયની નબળી કામગીરી કરનાર બે તલાટી સસ્પેન્ડ

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના થુરાવાસ અને બાબસર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીઓ સતત ગેરહાજર રહેતા હોવાથી સરકાર તરફથી ફાળવવામાં આવેલ લક્ષ્યાંક કરતા ઓછા શૌચાલય બનાવતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા વારંવાર તાકીદ કરવા છતાં બાબસર અને થુરાવાસ ગ્રામ પંચાયતના તલાટીઓ ફરજ પ્રત્યે બેદરકારી દાખવી હતી. જેના પગલે શુક્રવારે જિલ્લા વિકાસ અધિકારીએ બંને તલાટીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. જેના પગલે તલાટીઓમાં ફફડાટ ફેલાયો છે.

રાજય સરકાર દ્વારા પ્રત્યેક ગામમાં ૧૦૦ ટકા શૌચાલયો બનાવવા માટેની કાર્યવાહી કરવા માટેની જાહેરાતો કરવા છતાં અત્યંત નબળી કામગીરી થઈ રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. રાજય સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાને નિર્મળ તાલુકો જાહેર કરી ઓ.ડી.એફ. તાલુકો બનાવવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. વડાલી તાલુકામાં ૧૦૦ ટકા શૌચાલયો બનાવવાનું કામ પૂર્ણ કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ.ના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ તેમ છતાં વડાલી તાલુકાના બાબસર ગ્રામ પંચાયત અને થુરાવાસ ગ્રામ પંચાયતમાં માત્ર ૫૦ ટકા જેટલી શૌચાલય બાંધવાની કામગીરી કરવામાં આવી હોવાનું માલૂમ પડયુ હતું. જે અંગે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન.એમ. તરફથી ગ્રામજનોની મુલાકાત લઈને તપાસ કરતા તલાટી અનિયમિત તેમજ શૌચાલય બનાવવાની કામગીરી પ્રત્યે ઉદાસીનતા દાખવતા હોવાનું માલૂમ પડયુ હતું. જે અંગે થુરાવાસ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી રાજેન્દ્ર. ડી. ત્રિવેદી તથા બાબસર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી મહેન્દ્રભાઈ. કે. નાયીને વારંવાર લેખિત કારણદર્શક નોટીસ આપીને ખુલાસા કરવાનો આદેશ કરવામાં આવ્યો છતાં તલાટીઓ દ્વારા કોઈ પણ પ્રકારની ફરજ પ્રત્યે ગંભીરતા દાખવવામાં આવતી ન હતી.

શુક્રવારે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. દ્વારા પંચાયત અધિનિયમ એકટ મુજબ થુરાવાસ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી રાજેન્દ્ર ડી. ત્રિવેદીને સસ્પેન્ડ કરી તલોદ તાલુકા પંચાયતમાં, જયારે બાબસર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી મહેન્દ્રભાઈ નાયીને સસ્પેન્ડ કરી ખેડબ્રહ્મા તાલુકા પંચાયત કચેરી ખાતે નિમણુક કરાઈ છે.

રાજય સરકાર તરફથી ઘેર ઘેર શૌચાલયો બનાવવા માટેની જાહેરાતો કરવામાં આવી છે. પરંતુ કેટલાક તલાટીઓ ફરજ પ્રત્યે ઉદાસીન વલણ દાખવતા હોવાનું માલૂમ પડયુ છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. તરફથી તલાટીઓ વિરૂધ્ધ કરવામાં આવેલી કામગીરીથી તલાટી આલમમાં ફફડાટ ફેલાયો છે.





અરવલ્લી જીલ્લાના ભિલોડા શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીરના વિદ્યાર્થીઓએ ભિલોડા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. ભિલોડા પી.એસ.આઈ. વી. એચ. ઠાકોર અને સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને કાયદાકીય બાબતોથી માહિતગાર કર્યા હતા. હથીયારો બતાવી હથીયારો વિશે માહિતાગાર કર્યા હતા. ટ્રાફીકના નિયમોથી માહિતાગાર કર્યા હતા. વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કોઈ પણ પ્રકારનો ગુનો ના કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. ભિલોડા પોલીસ સ્ટેશનની મુલાકાત લેતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદીર સંચાલક પ્રકાશ સડાત, પ્રશાંત પાટડીયા, શાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## બાઈની મુવાડી પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાઈની મુવાડી ખાતે આવેલ પ્રાથમિક શાળામાં શાળા પરિવાર દ્વારા સૌ પ્રથમવાર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના બાઈની મુવાડી ગામે આવેલ પ્રાથમિક શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં આવેલ અધિકારીઓ મહેમાનોનું ફળોની ટોપલી આપી સન્માન કરવામાં આવ્યું હતું.

જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ગણેશવંદના, પ્રેમ રતન ધન પાયો, લોક ગીત પંડિત ચાલ્યા વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લઈને બાળકોએ આવનાર અધિકારીઓ મહેમાનો અને વાલીઓના દિલ જીતી લીધા હતા ત્યારે પ્રેક્ષકો અને ગ્રામજનો દ્વારા બાળકોને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અનો શિક્ષકોની કામગીરી બિરદાવી હતી. આ પ્રસંગે કલેક્ટર ભટ્ટ સાહેબ, બી.આર.સી. ભાવનાબેન મોદી, ગાંડાભાઈ, રંતુભા, ઘનશ્યામસિંહ વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમ નિહાળી શાળાના આચાર્ય તથા શાળા પરિવારને બાળકોની કામગીરી બિરદાવી બાળકોને અને શાળાને અભિનંદન પાઠવ્યા હતા.

## ટીંટોઈ નજીક ઓઈલ ટેન્કરે ત્રણ પલ્ટી મારી

અરવલ્લી જિલ્લાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસા તાલુકાના ટીંટોઈ નજીકથી પસાર થતા ઓઈલ ભરેલા ટેન્કરના ચાલકને વહેલી સવારે ઝોકુ આવી જતા સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા શનિવારે સવારે ટેન્કર ત્રણ પલટી ખાઈ જતા રાજ્ય ધોરીમાર્ગ પર ઓઈલ ઢોળાતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સદનસીબે ટેન્કર ચાલકના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા આબાદ બચાવ થયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા ટીંટોઈ ગામના રહીશોએ ૧૦૮



ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્ત ટેન્કર ચાલકને સારવાર અર્થે મોડાસાની હોસ્પિટલમાં ખસેડાયો હતો.

મોડાસા-શામળાજી ધોરીમાર્ગ પર ટીંટોઈ નજીક બનાવેલા ઓવરબ્રીજ પાસે શનિવારે સવારે ઓઈલ ભરેલા ટેન્કર ચાલકને ઝોકુ આવી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નાગાલેન્ડનું ટેન્કર (ગાડી નં. એનએલઓ.૧.એલ.૭૨૭૮)માં ઓઈલ ભરીને પસાર થઈ રહ્યુ હતુ ત્યારે ટીંટોઈ ગામ નજીક ટેન્કર ચાલકને ઝોકુ આવી જતા ટેન્કરનાચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા રોડ પર ટેન્કર ત્રણ પલટી મારી જતાં ટેન્કરમાં ભરેલુ ઓઈલ માર્ગ પર ઢોળાતા રોડ પર ઓઈલની નદિઓ વહેતી હોય તેવો અહેસાસ થયો હતો. રાજ્ય ધોરીમાર્ગ પર ઓઈલ ઢોળતા અહીથી પસાર થતા વાહનચાલકોના પૈડા થંભી ગયા હતા અને હાઈવે પર સવારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. વહેલી સવારે ટેન્કર ત્રણ પલ્ટી ખાઈ જતા ધડાકાભેર અવાજના પગલે આજુબાજુ રહેતા ટીંટોઈ ગામના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલા ડ્રાયવર-ક્લીનરને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

## પ્રાંતિજના પ્રતિનિધી સામે જન આક્રોશ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય દ્વારા ગુજરાત વિધાનસભામાં વર્તમાન સત્રમાં અંદાજપત્ર ઉપરની ચર્ચામાં ભાગ લેતા પ્રાંતિજ-તલોદ તાલુકામાં સિંચાઈ, તબીબી સારવાર, શિક્ષણ બે રોજગારો નોકરી આપવા સંદર્ભે ધારદાર રજૂઆતો કરી હતી. જ્યારે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સરકાર ઉપર પ્રહારો કરતા કહ્યું કે વર્તમાન સરકાર માત્ર ટ્રેલર ફિલ્મ બતાવી પ્રજા સાથે અન્યાય કરતી હોવા સંદર્ભે રજુઆત કરી હતી.

૨૦૧૪ની ચૂંટણીમાં તલોદ તાલુકા વિસ્તારમાંથી મહત્તમ મતદારોએ ભાજપને મત આપ્યો હોવા છતાં તલોદ તાલુકામાંથી પસાર થતી માધવગઢ સુધીની પાઈપલાઈનને કોજણ ડેમ સુધી લંબાવવાની યોજનાનો બજેટમાં સમાવેશ ન કરાતા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને આ કામ મંજૂર કરવા ધારદાર રજૂઆત પણ કરી હતી. જ્યારે રાજ્યમાં લાખો શિક્ષિત બેરોજગાર યુવાનો નોકરીની રાહ જોઈ બેઠા છે. આજે દરેક વિભાગમાં મોટાભાગની જગ્યાઓ ખાલી છે. પરંતુ આવી નોકરીઓ આપવાની માત્ર ૬૬,૦૦૦ નોકરીઓ જેવા મોટા આંકડાની લોલીપોપ જ આ બજેટમાં આપવામાં આવ્યું છે. જ્યારે આજે ગુજરાતનો ખેડૂત અને પશુપાલક પોતાનો જીવનનિર્વાહ ચલાવી રહેલ છે. રાજ્ય સરકારે એક પણ નવી ડેરી ને નવો મોટો ડેમ બનાવેલ નથી. પરંતુ આ રાજ્ય સરકારે આ રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષમાં જો કંઈ કર્યું હોય તો અદાણી, અંબાણી અને બિરલાને આ રાજ્યમાં મફતના ભાવે જમીનો આપી છે. જ્યારે ગામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને યુપીએ સરકાર વખતે ૧૩માં નાણાં પંચમાં નાણાં સીધા જ મળતા હતા. જે આજેય મળે છે. આ કોઈ નવી યોજના નથી. જ્યારે સરકાર દ્વારા લાખો રૂપિયાની મફત સારવાર આપવાની જાહેરાતને બદલે દર્દીઓને ઉત્તમ પ્રકારની યોગ્ય સારવાર મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ તેવી માંગણી પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય દ્વારા સરકાર સમક્ષ કરી હતી.

## દુ:ખદ અવસાન

સલાલના વતની અને પ્રાંતિજ સ્વચ્છિક એગ્રોના વેપારી પટેલ અલ્પેશભાઈના પિતા પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા પટેલ કાલીદાસ મોહનભાઈનું દુ:ખદ અવસાન થયું છે. સદગતનું બેસણુ ૧૩-૧-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ તેમના નિવાસસ્થાને સલાલ મુકામે રાખેલ છે.

## ડીસાના સુવર્ણકારો દ્વારા એક્સસાઈઝ ડ્યુટી રદ કરવા ભાજપ પ્રમુખને આવેદનપત્ર અપાયું

ડીસા, તા. ૧૨

કેન્દ્ર સરકારે તાજેતરમાં રજુ કરેલા બજેટમાં સોનાના વેચાણના ટર્ન ઓવરમાં એક ટકો એક્સસાઈઝ ડ્યુટી નાખતા સમગ્ર સુવર્ણકારોએ સરકારની નીતિ સામે લડતનું મંડાણ કર્યું છે. ત્યારે ડીસા એપીએમસી ખાતે યોજાયેલ ભારતીય જનતા પાર્ટીની બેઠક વખતે ડીસા સુવર્ણકાર ચોકસી એસો.ના સભ્યોએ જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણને આવેદનપત્ર આપી એક્સાઈઝ ડ્યુટી રદ કરવાની માંગ કરી હતી.

સરકાર દ્વારા સોનાના ટર્ન ઓવર પર લાદેલા એક્સાઈઝ ડ્યુટીને કારણે ગુજરાતભરના સુવર્ણકારોમાં વિરોધનો વંટોળ શરૂ થયો છે. ત્યારે ડીસા શહેરના વેપારીઓ પણ એક્સસાઈઝ ડ્યુટીના વિરોધમાં જોડાયા છે. શહેરના સુવર્ણકારો છેલ્લા કેટલાક દિવસોથી પોતાના રોજગાર બંધ રાખી આ ડ્યુટીનો વિરોધ કરી રહ્યા છે. જેમાં ડીસા એપીએમસી ખાતે યોજોયલ ભારતીય જનતા પાર્ટીની બેઠકમાં ડીસા શહેર સુવર્ણ ચોકસી એસો.ના હોદ્દેદારો બાઈક રેલી રૂપે નીકળી જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણને આવેદનપત્ર આપ્યુ હતુ અને ભૂતકાળની સરકારોએ પણ ગોલ્ડ કંટ્રોલનો કાયદો દ્વારા સોનીઓને બેકાર બનાવી દીધા હતા ત્યારે આ વખતે તેનું પુનરાવર્તન થવાની ભીતિ વ્યક્ત કરી આ ડ્યુટીને નાબુદ કરવા માટે માંગ કરી હતી.





કેન્દ્ર સરકારના એકસાઈઝ ડ્યુટીના નવા કાયદા સામે સમગ્ર દેશભરમાં વિરોધ પ્રદર્શીત થઈ રહ્યો છે. ત્યારે આજરોજ દિયોદર ખાતે સાત દિવસથી ધંધા-રોજગાર સજ્જડ બંધ રાખેલા સોના-ચાંદીના વહેપારીઓ સરકાર વિરોધી સુત્રોચ્ચાર સાથે ધરણા યોજ્યા હતા. તેમજ સત્વરે આ પ્રશ્નનો નિવેડો નહી આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. કેન્દ્ર સરકારે નવીન બજેટમાં સોના-ચાંદી તેમજ જ્વેલરી ધંધા પર નાખવામાં આવેલ એકસાઈઝ ડ્યુટી તેમજ બે લાખની ખરીદી પર ફરજીયાત પાનકાર્ડનો બોજો ગ્રાહક પર પડનાર હોઈ સરકારના આ નવીન કાળા કાયદા સામે સમગ્ર રાજ્ય સહીત દેશભરના સોના-ચાંદીના વહેપારીઓ તરફથી વીરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે.

## કંબોઈ ગાયત્રી વિદ્યાલય પાસે ટેન્કરની ટક્કરે બાઈકચાલકનું મોત

કાંકરેજ, તા. ૧૨

કાંકરેજ તાલુકાના કંબોઈ ગાયત્રી વિદ્યાલય પાસે ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત થતા બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે ટેન્કર ચાલક ટેન્કર મુકી ફરાર થઈ ગયો હતો. કંબોઈના ૪૬ વર્ષીય બળવંતજી ઠાકોર દુદાસણ બાઈક પર જઈ રહ્યા હતા. આ દરમિયાન કંબોઈ ગાયત્રી વિદ્યાલય પાસે પુરપાટ ઝડપે દોડી આવતા દૂધના ટેન્કરે બાઈકચાલકને અડફેટે લઈ તેને કચડી નાખ્યો હતો. પરિણામે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. આ મામલે શિહોરી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહની તપાસ કરી તેને પીએમ અર્થે મોકલી આપ્યો હતો.